ડૉ.એમ.એમ.પટેલ, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા

समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર-૧૭,
ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન: ૦૭૯-૨૩૨૩૨૪૧૩
Email : - aspdssaguj@gmail.com

---

ક્રમાંકઃએસએસ/એઆરએન્ડવીઇ/૨૦૨૪/ ૫૭૯૩૦ - ૯૯૩     તા.૧૪/03/૨૦૨૪

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારી

જિ. તમામ

વિષય : વર્ષ ૨૦૨૪-૨૫ માં "શાળા પરિવહન યોજના" આપવા બાબત.

સંદર્ભ : (૧) માન સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રીની નોંધ પર મળેલ મંજુરી અન્વયે.

(૨) રાજ્ય સરકારના તા:-૧૩/૦૩/૨૪ના મળેલ વહીવટી મંજુરી.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ મુજબ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ બાદ વિધાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે બાબત સુનિશ્ચિત કરવાની ભલામણો કરેલ છે. સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ સરળતાપૂર્વક સુરક્ષિત રીતે શાળા સુધી આવાગમન કરી શકે તે માટે વિવિધ વિકલ્પો મળી રહે તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસોમાં શાળા સુધીની મુસાફરી કરવા માટે વિધાર્થી કન્સેશન પાસની સુવિધા આપવામાં આવે છે. વધુમાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને તેમના રહેણાંકથી શાળા સુધીના અંતરના નિયમો મુજબ શાળા પરિવહનની સુવિધા નિયત સંખ્યાની મર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે યોજનાનો વ્યાપ વધારી સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ ધોરણ – ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી શાળા સુધી આવાગમન માટે પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તા:-૧૨/૦૩/૨૦૨૪થી ઠરાવ(ક્રમાંક:ED/MIS/E-file/3/2023/5049/G-1 સચિવાલય ગાંધીનગર) કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારના બજેટમાંથી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિધાર્થીઓને "શાળા પરિવહન યોજના" નો લાભ આપવા માટે તા:-૧૩/૦૩/૨૦૨૪ના પત્રથી રું -૧૦૦.૦૦/-કરોડની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

"શાળા પરિવહન યોજના" માટે નીચે મુદ્દા નં-૧ થી ૫ માં પાત્રતા અને નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

1. રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ "શાળા પરિવહન યોજના"નો લાભ મેળવી શકશે.
2. આ યોજનાનો લાભ લેતાં વિધાર્થીઓનું કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સમાન પ્રકારની અન્ય યોજનામાં ડુપ્લીકેશન ન થાય તે શાળાએ જેવાનું રહેશે.
3. વિધાર્થીના રહેણાંકથી ૦૫ કિ.મી.થી વધુ અંતર આવેલ સૌથી નજીકની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં પ્રવેશ ઉપલબ્ધ હોય અને તેવી શાળામાં પ્રવેશ લીધો હોય તેવા વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
4. રાજ્ય સરકારના બજેટમાં સને-૨૦૨૪-૨૫માં"શાળા પરિવહન યોજના" અંતર્ગત બાળક દીઠ પ્રતિ માસ રૂપિયા ૬૦૦/- લેખે ૧૦- માસના રૂપિયા ૬૦૦૦/- મંજુર થયેલ છે.
5. ગુજરાત સરકારના "શાળા પરિવહન યોજના" ફાઇલ શાળા કક્ષાએ,તાલુકા કક્ષાએ,અને જિલ્લા કક્ષાએથી અલગ અલગ નિભાવવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નં- ૧ થી ૫ મુજબ તમામ એસ.એમ.ડી.સી.સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએથી તા:-૧૫/૦૪/૨૦૨૪ સુધીમાં જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ દરખાસ્ત મેળવી અને તા:-૩૦/૦૪/૨૦૨૪ સુધીમાં મંજુરી આપવાની પ્રક્રિયા પુર્ણ કરવી.. જેથી બાળકોને નવા સૈક્ષણિક સત્રમાં શાળાઓ શરૂ થાય તેના પ્રથમ દિવસથી જ "શાળા પરિવહન યોજના" નો લાભ મળી શકે. વર્ષ:૨૦૨૪-૨૫ માટે "શાળા પરિવહન યોજના" માટે દરખાસ્ત મેળવવાની સુચનાઓ, દરખાસ્ત પત્ર, વાલીનું સંમતિપત્રક, માર્ગદર્શિકા આ સાથે સામેલ છે.

બિડાણ :
(૧) દરખાસ્ત ફોર્મ.
(૨) વાલી સંમતિપત્રક.
(૩) "શાળા પરિવહન યોજના" સબંધી સુચનાઓ.
(૪) જિલ્લા વાર સૂચક બાળકોની સંખ્યા.

એડી.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા અભિ

# સમગ્ર શિક્ષા - ગુજરાત

SMDC દ્વારા "શાળા પરિવહન યોજના" શરુ કરવા માટેનું ફોર્મ (વર્ષ: ૨૦૨૪-૨૫)

સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને "શાળા પરિવહન યોજના" દરખાસ્ત ફોર્મ

---

(૧) શાળાનું નામ : ડાયસ કોડ :

(૨) ક્લસ્ટર : તાલુકો : જિલ્લો:

(3) શાળાનું સરનામું : એરીયા (રૂરલ/અર્બન):

(૪) આચાર્યનું નામ: આચાર્યનો ફોન નંબર:

(૫) એસએમડીસીનું નામ :

(૬)બેન્કની વિગતો:

(a) એસએમડીસીના ખાતાની બેંકનું નામ :

(b) એસએમડીસી નો ખાતાનંબર :

(c) એસએમડીસીનો IFSC CODE:-

(૭) શાળા દ્વારા "શાળા પરિવહન યોજના" માટે નક્કી કરેલ વાહનનો પ્રકાર:

(થ્રી વ્હીલર, ફોર વ્હીલર, સરકારી બસ, અન્ય) :

(૮) વાહન માલિકનુંનામ : વાહનનું નામ :

(૯) વાહન માલિકનું સરનામું: વાહનનો આરટીઓ નંબર:

(૧૦) વાહન માલિકનો ફોન નંબર: વાહન માલિકનો લાયસન્સ નંબર

(૧૧) વાહન જો ડ્રાઈવર દ્વારા ચલાવવામાં આવતું હોય તો ડ્રાઈવરની વિગત

ડ્રાઈવર નામ :

સરનામુ :

ફોન નંબર: લાયસન્સ નંબર:

સૂચનાઓ :

- "શાળા પરિવહન યોજના" માટે ડ્રાઈવર પાસે એન્ડ્રોઇડ ફોન ફરજીયાત હોવો જોઈએ
- "શાળા પરિવહન યોજના" માટેનું દરખાસ્ત ફોર્મ આચાર્યશ્રી તેમજ સીઆરસીના ફોરવર્ડિંગ લેટર સાથે તાલુકા કક્ષાએ મોકલવાનુ રહેશે.
- "શાળા પરિવહન યોજના" શરૂ કરતા પહેલા એસ.એમ.ડી.સી. નો ઠરાવ કરી તેમાં નક્કી કરેલ વાહન તેમજ માલિકની વિગત દર્શાવવાની રહેશે.
- વાહનનુ ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત શાળા કક્ષાએ હોવું જોઈએ.
- આરસી બુક, લાયસન્સ, ગાડીનો ફૂલ વિમાની ઝેરોક્ષ, પોલીસ વેરીફિકેશન તેમજ રૂ. ૩૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી પત્રક ફરજિયાત શાળા કક્ષાએ રાખવું. દરખાસ્ત સાથે ડ્રાઈવરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અને ગાડીનો નંબર પ્લેટ વાળો ફોટો આપવો.
- શાળામાં"શાળા પરિવહન યોજના" બન્ને પેજ ઉપરની બાળકોની જ્ઞાતિ,ધોરણ વાઇઝ વિગત પૂરેપૂરી ભરીને આપવી અધુરી વિગતો વાળી દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહીં.
- વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમમાં થયેલ ઓનલાઇન એન્ટ્રી મુજ્બ ચૂકવણું કરવાનું રહેશે.
- દરેક વાહન માટે અલગ-અલગ દરખાસ્ત કરવી.
- બાળકોની ચાઇલ્ડ પ્રોફાઈલ અને વાલી સંમતી ફરજિયાત શાળા કક્ષાએ રાખવા.
- **RTOની ગાઇડ લાઇન મુજબ નિયમ અનુસાર "શાળા પરિવહન યોજના" વાહનમાં વિદ્યાર્થીને બેસાડવા.**
- "શાળા પરિવહન યોજના" માટે બંધ બોડી વાળુ વાહન હોવું જોઈએ
- વાહન ૪૦. કિલોમીટરથી વધુ ઝડપથી ચલાવી શકાશે નહીં(RTOની ગાઈડ-લાઈન મુજબ)
- "શાળા પરિવહન યોજના" દરેક વાહન બે ફેરા કરી શકશે.તેનાથી વધારે ફેરા કરી શકશે નહી.
- વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજિયાત હોવી જોઈએ
- વાહનો ઉપર માલિક ડ્રાઈવરનો ટેલીફોન નંબર શાળાના નામ વાળું "શાળા પરિવહન યોજના" સુવિધાનું બેનર લાગેલું હોવું જોઈએ

**એસ.એમ.ડી.સી ના અધ્યક્ષ/આચાર્યશ્રી.**

## "શાળા પરિવહન યોજના" અંતર્ગત બાળકોની વિગત

| ક્રમ | બાળકનું નામ | કુમાર/કન્યા | ધોરણ | બાળકના ઘરનું પુરેપુરૂ સરનામું | ઘરથી શાળા વચ્ચેનું અંતર | જાતિ | યુનિક આઇડી | વાલીનો મોબાઇલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

એસ.એમ.ડી.સી.ના અધ્યક્ષ/ આચાર્યશ્રી.

## "શાળા પરિવહન યોજના" બાળકોની ધોરણવાર અને જાતિવાર માહિતી

| ધોરણ | એસ.સી | | | એસ.ટી | | | ઓ.બી.સી | | | અન્ય | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુ | કન્યા | કુલ | કુ | કન્યા | કુલ | કુ | કન્યા | કુલ | કુ | કન્યા | કુલ | કુ | કન્યા | કુલ |
| 9 | | | | | | | | | | | | | | | |
| 10 | | | | | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | | | | | |
| 11 | | | | | | | | | | | | | | | |
| 12 | | | | | | | | | | | | | | | |
| TOTAL | | | | | | | | | | | | | | | |
| GRAND TOTAL | | | | | | | | | | | | | | | |

એસ.એમ.ડી.સી.ના અધ્યક્ષ/આચાર્યશ્રી.

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે દરખાસ્તમાં દર્શાવેલ તમામ બાળકોના રહેઠાણથી સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું અંતર ૫-કિ.મી થી વધારે દૂર છે. તેમજ આ વિસ્તાર છુટો છવાયો,જંગલ વિસ્તાર,પહાડી વિસ્તાર,બેટ વિસ્તાર,તેમજ શહેરી વિસ્તારના એવા પ્રદેશ છે કે જયાં નવી શાળા શરૂ કરી શકાય તેમ નથી ત્યાં આ બાળકોને ખરેખર"શાળા પરિવહન યોજના"નો લાભ મળવાપાત્ર છે.અન્ય કોઈ પરિવહન સુવિધાનો લાભ મળતો નથી જેની અમારા દ્વારા ખાતરી થયેલ છે જે સાચુ અને બરાબર છે.જેના માટે તેમના વાલીઓની સંમતિ મળેલ છે.

"શાળા પરિવહન યોજના"ના નિયમોનુસાર જ આયોજન કરવામાં આવશે. તેમજ જિલ્લા/રાજ્ય કક્ષાના પરીપત્રોની સૂચનાઓની અમલવારી કરવામાં આવશે.

SMDCનાઅધ્યક્ષ/આચાર્યશ્રી

બ્લોક એ.આર.& વી.ઈ.

સી.આર.સીકો.ઓડી.

બી.આર.સી./યુ.આર.સી.કો.ઓ:

# સમગ્ર શિક્ષા - ગુજરાત

"શાળા પરિવહન યોજના" યોજનાનો લાભ અપાવવા માટે વાલીનું સંમતિ પત્રક

આથીહું ..........................................................................................મારી વય...............................છે.

મારૂ/મારા............................................બાળકો

(૧).................................................................................................

(૨).................................................................................................

(૩).................................................................................................

.....................................................................ગામની સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ધોરણ..............................માં અભ્યાસ કરે છે. અમારા ગામ/શહેર વિસ્તારની શાળાનું અંતર............ વધુ છે. જેથી અમારા બાળકો નિયમિત અને સમયસર શાળામાં જઇ શકે તે માટે અમે અમારી જવાબદારી થી બાળકો માટે "શાળા પરિવહન યોજના"નો લાભ અપાવવા માટે ભલામણ કરીએ છીએ.

અમારા બાળકોને .................................................................. દ્વારા શાળાના કાર્ય દિવસોમાં શાળાએથી આવવા જવા માટે "શાળા પરિવહન યોજના"નો લાભ લેવા માટે અમારી સહમતી આપીએ છીએ.આ "શાળા પરિવહન યોજના" દરમ્યાન બાળકને કોઈપણ પ્રકારનું નુકસાન કે અન્ય પ્રકારની હાનિ થાય તો તેની જવાબદારી અમારી અંગત રહેશે.

તા:- .............................

વાલીનું નામ : ......................................................................

વાલીની સહી : ......................................................................

સમગ્ર શિક્ષા –ગુજરાત

ચાઈલ્ડ પ્રોફાઈલ ("શાળા પરિવહન યોજના") વર્ષ:-૨૦૨૪-૨૫

વિદ્યાર્થીનો તાજેતરનો ફોટો લગાવવો

વિદ્યાર્થીનું નામ : ..........................................................................

શાળા :................................................. ડાયસ કોડ :...............................

શાળાનું સરનામું :.........................................................................

ક્લસ્ટર :........................તાલુકો :.......................જીલ્લો :...................

શાળાના આચાર્યશ્રી નું નામ..............................................................

"શાળા પરિવહન યોજના" શરૂ થયાની તારીખ: ..........ધોરણ: .............ઉંમર: .............

રહેઠાણથી શાળાનું અંતર(કિ.મી.):..........................................................

વાહનનો પ્રકાર :...........................................................(રીક્ષા,ફોરવ્હીલર,બસ કે અન્ય)

વાહનચાલકનું નામ :.........................................................................................

વાહનનો નંબર :.....................................................ફો.નંબર :...........................................

લાયસન્સ નંબર:.............................................................................................................

વાહનચાલકનું સરનામું:...........................................................................................

"શાળા પરિવહન યોજના" વિગતો:

| ક્રમ | માસ | બાળકની હાજરી | કુલ દિવસો | ચુકવણાની વિગતો | એસએમસીની સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જુન | | | | | |
| ૨ | જુલાઈ | | | | | |
| ૩ | ઓગસ્ટ | | | | | |
| ૪ | સપ્ટેમ્બર | | | | | |
| ૫ | ઓક્ટોબર | | | | | |
| ૬ | નવેમ્બર | | | | | |
| ૭ | ડિસેમ્બર | | | | | |
| ૮ | જાન્યુઆરી | | | | | |
| ૯ | ફેબ્રુઆરી | | | | | |
| ૧૦ | માર્ચ | | | | | |

<u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ઉપરોક્ત પત્રકમાં દર્શાવ્યા મુજબ બાળક શાળામાં હાજરીપત્રક મુજબ હાજર રહેલ છે અને તે મુજબ જ નાણાનું ચૂકવણું કરવામાં આવેલ છે.આ શાળામાં "શાળા પરિવહન યોજના" નિયમિત કાર્યરત છે.

પ્રમુખ(સહી) SMDC

SMDCનાઅધ્યક્ષ/આચાર્યશ્રી(સહી)

તા:-

## :બાંહેધરી પત્રકઃ (વર્ષ:-૨૦૨૪-૨૫)

હું/અમો નીચે સહી કરનાર વાહન માલીક/ડ્રાઈવર...................................
રહે ...................... બાહેધરી આપી લખી આપીએ છીએ કે મારું/અમારું વાહન ........................
રજિ.નં. ................... જે SMDC શાળા.................................. તા.:- ..................... દ્વારા
ચાલુ કરવામાં આવનાર"શાળા પરિવહન યોજના" અંતર્ગત આપવામાં આવેલ મંજૂરી મુજબ શાળાના
કુલ .............. બાળકોને લાવવા – લઈ જવા માટે બંધાયેલ છું.

હું બાંહેધરી લખી આપું છુ કે, સદર વાહનમાં ઘરથી શાળા સુધી આવતા બાળકોને હું મારા વાહનમાં નિયમિત સમયસર શાળામાં લાવીશ-લઈ જઈશ તેમજ બાળકની સુરક્ષાની જવાબદારી મારી/અમારી રહેશે .હું મારા વાહનમાં બાળકોને સુરક્ષિત રીતે બેસાડી ;સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોને વળગી રહી મારુ વાહન ચલાવીશ. જે દિવસે કોઈ કારણોસર બહારગામ જવાનું થશે તો, તે દિવસે હું અન્ય વાહનની સુવિધા કરી આપીશ. સાથે મારા/અમારા વાહનમાં અમો સ્વખર્ચે ફરજીયાત સ્માર્ટ ફોન અને નેટ ચાલુ રાખીશુ અને GPS બેઝડ Vehicle Tracking System(VTS) ઓન લાઇન સિસ્ટમ અપલોડ કરી તેનો નિયમિત ઉપયોગ કરાવવાની ખાતરી આપી આ બાહેધરી પત્ર લખી આપીએ/આપું છુ.

સ્થળ:- ..........................

તારીખ:- .......................

સહી:-...............................................

નામ :-...............................................

રૂબરૂ :-...............................................

# SSA Vehicle Tracking System software

રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને "શાળા પરિવહન યોજના"નો લાભ મેળવી શકશે. વિદ્યાર્થીના રહેણાંકથી ૦૫ કિ.મી.થી વધુ અંતર આવેલ સૌથી નજીકની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં પ્રવેશ ઉપલબ્ધ હોય અને તેવી શાળામાં પ્રવેશ લીધો હોય તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. "શાળા પરિવહન યોજના" સંપૂર્ણ સંચાલન એસ.એમ.ડી.સી.દ્વારા કરવામાં આવે છે જેમાં અત્રેની કચેરીના તા.૧૧.૬.૨૦૧૮ના પત્રક્રમાંકઃએસએસએ/એએસ/૨૦૧૮/૧૯૬૫૦૬૮૭ અન્વયે આપવામાં આવેલ સુચના મુજબ સખીમંડળ/સ્વસહાય જુથો પાસેથી દરખાસ્ત મેળવી શાળા પરિવહન યોજનાનો મહિલાઓ દ્વારા ચલાવવામાં આવે અને જો તેમ થાય તો સખી મંડળની બહેનોને રોજગારી મળી રહે તે હેતુથી સરકારશ્રી દ્વારા આ સુચનાઓ આપેલ છે.

SSA Vehicle Tracking System software એ રાજ્ય સરકારનો એક મહત્વકાંક્ષી કાર્યક્રમ છે જેના દ્વારા દરેક કક્ષાએથી એટલે કે રાજ્ય કક્ષાએથી, જિલ્લા કક્ષાએથી અને બ્લોક કક્ષાએથી પણ બાળકોને "શાળા પરિવહન યોજના" લાવતા વાહનો ઉપર રિયલટાઇમ મોનિટરીંગ કરવાનો હેતું છે. અને બાળકોની સલામતી, ઓવર સ્પીડીંગ, રૂટ ચકાસણી, SOS સિસ્ટમ વગેરે બાબતોનું મોનિટરીંગ થઇ શકે અને મહિનાને અંતે જનરેટ થતા રિપોર્ટના આધારે વાહન ચાલકોને ચુંકવણી થઇ શકે.

1. આ એપ્લિકેશન એસ.એસ.માં વાહન વ્યવસ્થા માટે છે.
2. એપ્લિકેશન વાહનના ડ્રાઇવરે પોતાના એન્ડ્રોઇડ સ્માર્ટ ફોનમાં ડાઉનલોડ કરવાની છે. માટે દરેક ડ્રાઇવર પાસે એન્ડ્રોઇડ સ્માર્ટ ફોન હોવો જરૂરી છે અને એસ.એમ.ડી.સી.કક્ષાએ આ બાબત સુનિશ્ચિત કરવું જરૂરી છે. વાહન ચાલકના એન્ડ્રોઇડ ફોનમાં ઇન્ટરનેટ અને GPS હોવું જરૂરી છે.
3. એસ.એમ.ડી.સી. દ્વારા જ એ વાહન ડ્રાઇવરની ફેસિલિટી નક્કી કરવામાં આવે તે વાહન ચાલકના મોબાઇલમાં એસ.એમ.ડી.સી.શાળાના સભ્ય સચિવ એટલે કે આચાર્યશ્રી ગુગલ પ્લેસ્ટોરમાં જઇ SSA Driver app ઇન્સ્ટોલ કરી આપવાની રહેશે) .લિંક ડાઉનલોડ એપ્લિકેશન :https://play.google.com/store/apps/details?id=in.ssavts

- Step : 1 એપ્લિકેશનડાઉનલોડકરો .
- Step :2 એપ્લિકેશનઇન્સ્ટોલકરવી .
- Step: 3 એપ્લિકેશન ઇન્સ્ટોલ થયા બાદ એસ.એસ.એ. ના લોગો વાળા બટન પર ક્લિક કરવું.
- Step: 4 જી.પી.એસ .ઓન કરી લોકેશન ફિક્સ કરવું.
- Step :5 ડ્રાઇવરે રજીસ્ટર મોબાઇલ પર મળેલ ઓ.ટી.પી. ના આધારે લોગીન થવું. વાહન ચાલક જ્યારે બાળકોના ઘરથી શાળામાં અને શાળાથી ઘર જવાની સફર શરૂ કરશે ત્યારે એપ્લિકેશન દ્વારા ડ્રાઇવર વાહનનો રૂટ નિશ્ચિત કરશે.

4. ડ્રાઇવરને દરેક વિદ્યાર્થીની હાજરીની એપ્લિકેશનમાં એન્ટ્રી કરવાની રહેશે બાળકોને લેવા/મુકતા સમયે આ એપ્લિકેશન વિવિધ સૂચનાઓ ઉભી કરશે, જેમ કે વધુ

ઝડપ,જિયોફેંસિંગ જેના દ્વારા તેઓ બાળકોની ઘરની જગ્યા તેમજ શાળાની જગ્યા અને ટૂંકામાં ટૂંકો રસ્તો વગેરે બાબતો જાણી

5. શકશે .એસ.એમ.ડી.સી./શાળા આ એપ્લિકેશન મારફતે બાળકોની સુરક્ષા માટે ડ્રાઇવર પર નજર રાખી શકશે .આ એપ્લિકેશનનો ઉપયોગ કરવા માટે ડ્રાઇવરના મોબાઇલ જી.પી.એસ.નું કામ કરવું આવશ્યક છે .સંજોગો વસાત જો મોબાઇલ ઇન્ટરનેટના કવરેજમાં ન હોય તો પણ જી.પી.એસ .સિસ્ટમ કામકરતી રહે છે અને જ્યારે મોબાઇલ ઇન્ટરનેટના કવરેજમાં આવે ત્યારે ઓટોમેટિક તમામ રિપોર્ટ જનરેટ કરે છે.એપ્લિકેશન ઇન્સ્ટોલ અને લોગઇન કરવું.
6. આચાર્યે પોતે પણ પોતાના મોબાઇલમાં પણ SSA Vehicle Tracking System softwareઆ એપ્લિકેશન ડાઉનલોડ કરવાનું છે.
7. ત્યાર બાદ લોગઇન થઇ અને બાળકોની વિગતો ધોરણવાર સિલેક્ટ કરી વિગતો ભરવી તેમજ શાળાના વાહન દીઠ ડ્રાઇવરના યુઝર નેમ અને પાસવર્ડ મેળવીને રાખવા.
8. આચાર્યશ્રી એ વાહન અને ડ્રાઇવરની વિગતો અપડેટ કરી ઓનલાઇન કરવી.
9. આ સાથે SSA Vehicle Tracking System softwareનુંવિગત વાર યુઝરમેન્યુઅલ પણ સામેલ રાખેલ છે જે ની સોફ્ટકોપી તમામ બી.આર.સી/.સી.આર.સી/.આચાર્યશ્રી/વાહન ચાલક સુધી પહોંચે તે સુનિશ્ચિત કરશો .
10. SSA Vehicle Tracking System software અંતર્ગત મળતા જુદી-જુદી કક્ષાના રિપોર્ટ પરથી તાલુકા કક્ષાએથી અને જિલ્લાકક્ષાએથી રિપોર્ટ જનરેટ કરી મોનિટરીંગ અને વાહનની નિયમિતતાને આધારે એસ.એમ.ડી.સી દ્વારા જે તે વાહનને બાળક દીઠ નિયત કરવામાં આવેલ રકમનું ચુંકવણું કરવાનું રહેશે.આ સોફ્ટ વેર એપ્લિકેશનની મદદ લઇ રાજ્ય સરકારની ટ્રાન્સપોર્ટેશન યોજનાનું ૧૦૦ % સઘન અને પારદર્શક મોનિટરીંગ જિલ્લા/કોર્પોરેશન/બ્લોક કક્ષાએ થાય.

આ એપ્લીકેશન મોબાઇલ આધારીત (GPS-BESED LIVE TREKING) એપ્લીકેશન છે. જેની વિશેષતાઓ નીચે મુજબ છે.

1. દરેક સ્કુલ વાહનનુ લાઇવ ટ્રેકીંગ થાય છે.
2. વિદ્યાર્થીઓની હાજરીનુ મોનીટરીંગ થઇ શકે છે.
3. એસ.ઓ.એસ.સીસ્ટમના કારણે અકસ્માતની મુશ્કેલીમાં બાળકના વાલીને મેસેજ જાય છે.
4. ઓવર સ્પીડ વાહનોની વિગતો મળે છે.
5. વાહનની આર.ટી.ઓ. સંબધીત વિગતો મળે છે.
6. વાહન ચાલકને ચૂકવણુ પણ ઓટો જનરેટ સીસ્ટમને આધારે કરવામાં આવે છે.
7. વાહનોનુ જિલ્લા અને રાજ્ય કક્ષાએથી ડેસ્ક બોર્ડના આધારે લાઇવ મોનીટરીંગ થાય છે.

## ❖ "શાળા પરિવહન યોજના" માટેની માર્ગદર્શિકા:-

### ➢ એસ.એમ.ડી.સી.શાળા કક્ષાએથી કરવાની કામગીરી:-

1. શાળા કક્ષાએ "શાળા પરિવહન યોજના" માટેની મળેલ નિયત ફોર્મેટમાં નિયમોનુસાર દરખાસ્ત તૈયાર કરી ક્લસ્ટર કક્ષાએ આપવી.
2. જે બાળકો માટે બજેટમાં દરખાસ્ત કરેલ હોય તે બાળકોની વિગતો સાથે નિયત ફોર્મેટમાં દરખાસ્ત કરી ક્લસ્ટર કક્ષાએ આપવાની રહેશે.
3. વિદ્યાર્થીના રહેઠાણથી નજીકમાં સરકારી/અનુદાનિત માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળા હોય અને તેનાથી દૂરની સરકારી/અનુદાનિત માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં જવા માગતો હોય તેવા કિસ્સામાં "શાળા પરિવહન યોજના" મળવા પાત્ર રહેશે નહી.
4. શાળામાં "શાળા પરિવહન યોજના" સુવિધાનો શરૂ કર્યાનો રીપોર્ટ ક્લસ્ટર કક્ષાએ,તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ કરવો.
5. "શાળા પરિવહન યોજના" સુવિધા માટે NCPCR ની ગાઇડ લાઇનનુ ચૂસ્ત પણે પાલન કરવાનુ રહેશે.અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:એસએસ/એઆરએન્ડવીઈ/૨૦૨૨/૧૭૫૯૦-૧૭૬૬૦
6. જે વિસ્તારમાં લોકલ ટ્રાન્સપોર્ટ કે સ્ટેટ ટ્રાન્સપોર્ટની સુવિધા પ્રાપ્ત નથી તેવા વિસ્તારના RTO માન્ય બંધ બોડીના વાહન, માન્ય ટ્રાવેલ્સ, માન્ય વાહનનો ઉપયોગ બાળકોને સાનુકુળ રહે તે મુજબ વાહન ચાલકોમાં કંપનીનો તમામ વિગતો (નામ,સરનામું.ફોન નં.)સાથે આપવાની રહેશે.
7. બાળકોના "શાળા પરિવહન યોજના"માટે થયેલ ચૂકવવાના બિલો,વાઉચર,રસીદોનો રેકોર્ડ એસ.એમ.ડી.સી કક્ષાએ રાખવાના રહેશે અને આ ચુકવણું ચેક મારફત જે તે વાહન માલિકના નામ જોગ કરવાનો રહેશે.
8. જે બાળકો માટે "શાળા પરિવહન યોજના" ઉપલબ્ધ કરાવવાની હોય તે બાળકોની વિગતો અને મુસાફરી કાર્ડની વિગતો પણ રાખવાની રહેશે.
9. "શાળા પરિવહન યોજના" નો લાભ મેળવતા બાળકોની ફોટોગ્રાફ વાળી ચાઈલ્ડ પ્રોફાઈલ નિભાવવાની રહેશે.
10. શાળા કક્ષાએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે "શાળા પરિવહન યોજના"નો લાભ મેળવનાર બાળકોનો નવી ફાઈલ નિભાવવાની રહેશે. તેમજ બાળકોનું હાજરીપત્રક નિયમિત નિભાવવાનું રહેશે.

11. દરેક શાળામાં આવતા બાળકોને શાળાએ લાવવા અને ઘરે લઇ જવા માટે ઉપયોગમાં લેવાતી સ્કુલ વાહન માટે ફિટનેસ સર્ટીફીકેટ અને પરમીટ છે કે કેમ ? તેની ખાતરી કરી તેની નકલ રાખે અને તેને સમયાંતરે વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વાર અપડેટ કરવામાં આવે.

12. દરેક વાહન ચાલકે GPS બેઝડ Vehicle Tracking System(VTS) નો ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે અને દરેક વાહન ચાલકે સ્માર્ટ મોબાઇલ ફોન હોવો જોઇએ અને નેટ ચાલુ હોવુ જોઇએ તે ફરજીયાત રહેશે.

13. "શાળા પરિવહન યોજના" ચૂકવણુ GPS બેઝડ Vehicle Tracking System(VTS)ની હાજરી પ્રમાણે કરવાનુ રહેશે.

14. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

15. વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરીના તા:-03/03/२००६,તા:-२०/०६/२००६ અને તા:-૧૨/૦૬/૨૦૧૯ના પરિપત્રની સુચના તેમજ શાળાઓમાં પરિવહન બાબતે શિક્ષણ વિભાગના તા:-૦૧/૦૨/૨૦૧૬ના પ.ક્ર.પીઆરઇ/૧૨૧૬/સીસી-૯૨/કની સુચના અને ગાઇડલાઇન આપવામાં આવેલ છે સમગ્ર શિક્ષા ગાંધીનગરના તા:-03/૦૨/૨૦૧૬,તા:-૦૬/03/૨૦૧૭,તા:-૨૨/૧૧/૨૦૧૭,તા:-૧૮/૦૫/૨૦૧૮,તા:-૧૩/૦૫/૨૦૧૯,તા;ઈ૧૨/03/૨૦૨૦,તા:-૨૪/૦૨/૨૦૨૧,તા:-૦૨/૦૫/૨૦૨૨ના પત્રોથી તમામ જિલ્લા અને કોર્પોરેશનને ગાઇડલાઇન અને સુચનાઓ આપવામાં આવેલ છે.વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરીના પરીપત્રો,શિક્ષણ વિભાગ અને સમગ્ર શિક્ષા ગાંધીનગરના પત્રોની સુચનાઓ અને ગાઇડલાઇનનુ "શાળા પરિવહન યોજના" લાભ લેતી શાળાઓએ તેનો ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

16. ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલરમાં જે બાળકો આવે છે તેઓના વાલીઓને શાળામાં બોલાવી બાળકોની સલામતી અને સગવડ સચવાય તે માટે ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલર વાહન ચાલકોની માહિતીથી વાલીઓ પણ પરીચિત રહે તે માટે વાલીની મીટીંગ બોલાવી જાગૃતિ લાવવામાં આવે.

17. RTOની ગાઇડ લાઇન મુજબ નિયમોનુસાર "શાળા પરિવહન યોજના" વાહનમાં વિદ્યાર્થીને બેસાડવા.

18. સ્કુલના બાળકોને ભાડેથી લઇ જતા દરેક વાહનની આગળ અને પાછળ સ્કૂલ રીક્ષા અને સ્કુલ વાન એમ સ્પષ્ટ અને મોટા અક્ષરે લખાયેલું હોવું જોઈએ. વાહનની દરેક બાજુએ પીળા બેક ગ્રાઉડ ઉપર લાલરંગમાં સ્કુલ વાન લખેલું હોવું જોઈએ.

19. જો આ વાહન બાળકો માટે ભાડેથી ફરતું હોય તો તેના પર સ્કુલ વર્ધી એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખાણ હોવું જોઈએ

20. દરેક વાહનમાં પ્રાથમિક સારવારની પેટી ફરજીયાત પણે હોવી જોઈએ. શાળાએ સમયાંતરે આ બાબતે ખાતરી કરવાની રહેશે

21. દરેક વાહનમાં જરૂરી અગ્નિશામક સાધનો ફરજીયાત રખાય તેની સૂચનાનું પાલન થયેલ છે કે કેમ તેની ખાતરી શાળાએ પણ કરવાની રહેશે.આવા વાહન ઉપર તેના માલિકનું નામ અને ટેલીફોન કે મોબાઇલ નંબર અવશ્ય લખેલા હોવા જોઈએ.

22. સ્કુલ વાહન બારણા સારી ગુણવત્તાવાળા લોકથી બંધ થાય તેવા એટલે કે બાળકોની સલામતીને અનુરૂપ અચૂક હોવા જોઈએ.

23. દરેક ઓટોરીક્ષા/મારુતિ વાન/ફોરવ્હીલર વાહનમાં સ્કૂલ બેગ સલામત રાખવા માટે જરૂરી જગ્યા રાખવી જોઈએ.

24. સીટ કુશન સાદી સપાટીવાળું હોવું જોઈએ વાકાચુકી સપાટીવાળું હોવું જોઈએ નહિ .

25. વાનમાં ઉતારું કમ્પાર્ટમેન્ટમાં બારીઓ એવી ડીઝાઈનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઈએ કે જેથી જાળીમાંથી બાળકોના શરીરનો કોઈ ભાગ બહાર આવી શકે નહિ.

26. વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલું હોવું જોઈએ અને તે ચાલુ હાલતમાં હોવું જઈએ.

27. આવું વાહન ૪૦ કિમીથી વધુ ઝડપે ચલાવી શકાશે નહિ.વાહન કોઇ સંજોગોમાં બગડે તો બીજા વાહનની વ્યવસ્થા કરવાની રહેશે.જે દિવસે વાહન નહિ આવે તો તે દિવસનુ ચૂકવણુ કરી શકાશે નહિ.

28. વાહનમાં બાળકોના દફતર વાહનની કોઈપણ સાઈડે બહાર લટકાવી શકશે નહિ.

29. ડ્રાઈવરની સીટ ઉપર કોઈપણ બાળકોને બેસાડી શકાશે નહિ.

30. "શાળા પરિવહન યોજના"માટે નક્કી કરેલ વાહનનો ચાલુ વર્ષનો ફૂલ વીમો હોવો જોઈએ. જેની નકલ એસએમડીસીમાં રાખવાની રહેશે.

31. ડ્રાઈવરનું પોલીસ વેરીફીકેશન ફરજીયાત એક માસની સમય મર્યાદામાં કરાવવાનું રહેશે.

32. આરટીઓ કચેરીના શાળા પરિવહન માટેના નિયમો અને સૂચનાઓનું પાલન કરવાનું રહેશે "શાળા પરિવહન યોજના" ફરજીયાત કોમર્શિયલ પેસેન્જર વાહનનો ઉપયોગ કરવાનો રહેશે.

## ➢ ક્લસ્ટર કક્ષાએથી કરવાની કામગીરી:-

1. ક્લસ્ટર કક્ષાએ આવેલ દરખાસ્તનુ સી.આર.સી.કો.ઓડી.દ્વારા રેન્ડમલી ક્રોસ વેરીફીકેશન કરવાનુ રહેશે.
2. ક્લસ્ટર કક્ષાએથી એસ.એમ.ડી.સી.કક્ષાએથી આવેલ દરખાસ્તનુ અભિપ્રાય આપીને તાલુકા કક્ષાએ મોકલવાની રહેશે.
3. ક્લસ્ટર કક્ષાએથી શાળા મુલાકાત દરમ્યાન "શાળા પરિવહન યોજના"નુ નિયમિત મોનીટરીંગ અને માર્ગદર્શન આપવાનુ રહેશે.
4. ક્લસ્ટર કક્ષાએથી તાલુકા કક્ષાએથી મળેલ સુચનાઓનુ એસ.એમ.ડી.સી.શાળા કક્ષાએ આપવી અને તેનુ ફોલોઅપ લેવાનુ રહેશે.

## ➢ તાલુકા કક્ષાએથી કરવાની કામગીરી:--

1. તાલુકા કક્ષાએ આવેલ દરખાસ્તનુ રેન્ડમલી ક્રોસ વેરીફીકેશન કરવાનુ રહેશે.
2. તાલુકા કક્ષાએથી એસ.એમ.ડી.સી.શાળા કક્ષાએથી આવેલ દરખાસ્ત અભિપ્રાય આપીને જિલ્લા કક્ષાએ મોકલવાની રહેશે.
3. તાલુકા કક્ષાએથી "શાળા પરિવહન યોજના"નુ નિયમિત મોનીટરીંગ અને માર્ગદર્શન આપવાનુ રહેશે.
4. તાલુકા કક્ષાએથી જિલ્લા કક્ષાએથી મળેલ સુચનાઓ એસ.એમ.સી.કક્ષાએ આપવી અને તેનુ ફોલોઅપ લેવાનુ રહેશે.
5. તાલુકા કક્ષાએથી GPS બેઝડ Vehicle Tracking System(VTS)દ્વારા મોનીટરીંગ કરવાનુ રહેશે.અને ઓવર સ્પીડ વ્હીકલને સુચના આપવાની રહેશે.

## ➢ જિલ્લા કક્ષાએથી કરવાની કામગીરી:-

1. જિલ્લા કક્ષાએથી "શાળા પરિવહન યોજના"માટે એસ.એમ.ડી.સી./શાળાને દરખાસ્ત કરવા માટે પત્ર કરવાનો રહેશે.
2. જિલ્લા કક્ષાએ આવેલ દરખાસ્તનુ રેન્ડમલી ક્રોસ વેરીફીકેશન કરવાનુ રહેશે.
3. જિલ્લા કક્ષાએ આવેલ દરખાસ્તનુ નિયમોનુસાર એસ.એમ.ડી.સી./શાળાને મંજુરી આપવાની રહેશે.
4. જિલ્લા કક્ષાએથી "શાળા પરિવહન યોજના"ના ફરજીયાત તમામ ડ્રાયવરોની જિલ્લા આર.ટી.ઓ.ઓફીસર દ્વારા વાહન વ્યવહારના નિયમોની એક દિવસનુ આયોજન કરી તાલીમ આપવાની રહેશે.

5. જિલ્લા કક્ષાએથી "શાળા પરિવહન યોજના" નુ રેન્ડમલી ક્રોસ મોનીટરીંગ કરવાનુ રહેશે.

6. જિલ્લા કક્ષાએથી "શાળા પરિવહન યોજના" એસ.એમ.ડી.સી/શાળામાં નિયમોનુસાર ગ્રાન્ટ ફાળવવાની રહેશે.અને યુ.ટી.સી.મેળવવાના રહેશે.

7. આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

8. જિલ્લા કક્ષાએથી GPS બેઝડ Vehicle Tracking System(VTS) દ્વારા મોનીટરીંગ કરવાનુ રહેશે.

ઉપરોક્ત મુદ્દાઓ અંગે શાળા કક્ષાએ આચાર્યશ્રી અને એસએમસી દ્વારા ચુસ્ત અમલ થાય તે જોવાનું રહેશે.

| Transport GoG Secondary & Higher Secondary Budget 2024-25 | | |
|---|---|---|
| Sr. No | Name of District | Total No of Candidates |
| 1 | AHMEDABAD | 8201 |
| 2 | AMRELI | 4404 |
| 3 | ANAND | 6606 |
| 4 | ARAVALLI | 5794 |
| 5 | BANAS KANTHA | 6954 |
| 6 | BHARUCH | 4520 |
| 7 | BHAVNAGAR | 5390 |
| 8 | BOTAD | 1736 |
| 9 | CHHOTAUDEPUR | 2403 |
| 10 | DEVBHOOMI DWARKA | 2084 |
| 11 | DOHAD | 6461 |
| 12 | GANDHINAGAR | 5592 |
| 13 | GIR SOMNATH | 3041 |
| 14 | JAMNAGAR | 3940 |
| 15 | JUNAGADH | 5100 |
| 16 | KACHCHH | 6113 |
| 17 | KHEDA | 7940 |
| 18 | MAHESANA | 7476 |
| 19 | MAHISAGAR | 5593 |
| 20 | MORBI | 2142 |
| 21 | NARMADA | 1881 |
| 22 | NAVSARI | 3650 |
| 23 | PANCH MAHALS | 6084 |
| 24 | PATAN | 4984 |
| 25 | PORBANDAR | 1765 |
| 26 | RAJKOT | 4346 |
| 27 | SABAR KANTHA | 6954 |
| 28 | SURAT | 3360 |
| 29 | SURENDRANAGAR | 4288 |
| 30 | TAPI | 2374 |
| 31 | THE DANGS | 1185 |
| 32 | VADODARA | 4085 |
| 33 | VALSAD | 3679 |
| 34 | xAMC | 9332 |
| 35 | xRMC | 1939 |
| 36 | xSMC | 2664 |
| 37 | xVMC | 2606 |
| Total | | 166666 |

**નોંધ :-ઉપરોક્ત જીલ્લા/કોર્પોરેશનની બાળકોની સંખ્યા સૂચક છે જે જીલ્લા/કોર્પોરેશનની આવેલ ટ્રાન્સપોર્ટેશનની દરખાસ્ત મુજબ ખરેખર લાભાર્થીની સંખ્યા મુજબ ફાળવવામાં આવશે.**